રાજ્યમા સી.પી.આઇ.નુ માળખુ રદ કરી એસ.ડી.પી.ઓ.(વિભાગીય પોલીસ અધિક્ષક)ની દેખરેખ હેઠળનું મહેસૂલ વિભાગની એ.ટી.વી.ટી. પેટર્ન મુજબનું માળખું રચવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2024/4113/C
સચિવાલય, ગાંધીનગર.
તારીખ /૧૧/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) ગૃહ વિભાગના તારીખ ૦૭/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૧/૩૯૪૩/સ.
(૨) ગૃહ વિભાગના તારીખ ૧૬/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૨૩/૦૫૮૬/સ.
(૩) ગૃહ વિભાગના તારીખ ૦૫/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2023/5302/C.
(૪) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના તારીખ ૩૧/૦૮/૨૦૨૪ના File No: DGIGP/NEWITEM/e-file/331/2024/0988/E.

**આમુખ:**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વધુ અસરકારક વ્યવસ્થા ગોઠવાય તે માટે મહેસૂલ વિભાગની એ.ટી.વી.ટી. પેટર્ન મુજબનું માળખું રચવા પ્રવર્તમાન ૩૬ સી.પી.આઇ.નું માળખું રદ કરી ૩૬ એસ.ડી.પી.ઓ.(સબ ડીવીઝન પોલીસ ઓફીસર)ની દેખરેખ હેઠળનુ માળખું રચવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી તથા આ બાબતે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૪)માં દર્શાવેલ તારીખ ૩૧/૦૮/૨૦૨૪ના પત્રથી વિગતવારની દરખાસ્ત પણ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય પોલીસ દળમાં મહેસૂલ વિભાગની એ.ટી.વી.ટી. પેટર્ન મુજબનું માળખું રચવા પ્રવર્તમાન ૩૬ સી.પી.આઇ.નું માળખું રદ કરી ૩૬ એસ.ડી.પી.ઓ.(નાયબ પોલીસ અધિક્ષક)ની દેખરેખ હેઠળનુ માળખુ રચવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. ઉક્ત નિર્ણયની અમલવારી માટે ૩૬ SDPO માટેની નવી જગ્યાઓ ઉભી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

રાજ્યમાં મહેસૂલ વિભાગની એ.ટી.વી.ટી. પેટર્ન મુજબ પોલીસ ખાતામાં નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના કુલ ૧૧૨ ડીવીઝનો જોઇએ. હાલ રાજ્યમાં કુલ ૬૭ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ડીવીઝન વંચાણે લીધા ક્રમાંક(૧)માં દર્શાવેલ તારીખ ૦૭/૦૭/૨૦૧૭ના ઠરાવથી કાર્યરત છે.

૨. બાકી રહેતા ૪૫ ડીવીઝન પૈકી વંચાણે લીધા ક્રમાંક(૨)માં દર્શાવેલ તારીખ ૧૬/૦૫/૨૦૨૩ના ઠરાવથી ૦૮(આઠ) ડીવીઝન તથા વંચાણે લીધા ક્રમાંક(૩)માં દર્શાવેલ તારીખ ૦૫/૦૩/૨૦૨૪ના ઠરાવથી ૦૧(એક) ડીવીઝન, એમ મળી કુલ ૦૯ ડીવીઝન મંજૂર કરવામાં આવેલ છે. ઉક્ત ૪૫ ડીવીઝન પૈકી બાકી રહેતા ૩૬ ડીવીઝન માટે સામેલ પત્રક મુજબની નાયબ પોલીસ અધિક્ષક, વર્ગ-૧ની પગાર ધોરણ રૂ.૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ની ૩૬ SDPO માટેની જગ્યાઓ ઊભી કરવાની મંજૂરી આપવામાં આવે છે તથા આ પત્રકમાં દર્શાવ્યા મુજબ કચેરીનું સ્થળ અને તેઓનું કાર્યક્ષેત્ર નિયત કરવામાં આવે છે.

૩. ૩૬ ડીવીઝનની કચેરીના મકાન નવા બનાવવાના રહેશે જે અંગેની કામગીરી ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા સત્વરે હાથ ધરવાની રહેશે. દરમિયાનમાં આ કચેરીઓ કાર્યરત કરવા અંગે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ આંતરીક વ્યવસ્થા કરવાની રહેશે.

૪. આ ઠરાવથી નવી વ્યવસ્થા અમલમાં આવતા ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ના ભાગ-૩ના નિયમ-૨૭માં નિયત થયેલ એસ.ડી.પી.ઓ.ની ફરજો ઉપરાંત ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ના નિયમ-૨૯માં સી.પી.આઇ.ની જે ફરજો નિયત કરેલ છે તે ફરજો એસ.ડી.પી.ઓ.ની કચેરીએ બજાવવાની રહેશે.

૫. ૩૬ SDPO માટેની જગ્યાઓને વર્ષ : ૨૦૨૪-૨૫માં એક લાખની ટોકન જોગવાઇ સી.એફ.માંથી ઉપાડીને નવી બાબત તરીકે મંજૂર કરવા અને સુધારેલ અંદાજોમાં સરભર કરીને વિધાનસભાની મંજૂરી મેળવવાની રહેશે.

૬. પ્રસ્તુત હુકમો સરકારશ્રીની સમાનાંકી ફાઇલ પર તારીખ ૦૬/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.11.07
19:24:19 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (ક.ગ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(બજેટ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(કા.અને વ્ય.) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર.
- સર્વે અધિક પોલીસ મહાનિદેશકશ્રી.
- સર્વે પોલીસ કમિશનરશ્રી.
- સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી.
- સર્વે સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ, ગૃહ વિભાગની વેબ સાઈટ ઉપર ઠરાવ મુકવાની વિનંતી સાથે.
- શાખા સિલેક્ટ ફાઈલ

**પત્રક**

| અ.ન. | જિલ્લાનું નામ | નવા ડીવીઝનનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | એસ.ડી.પી.ઓ. ધંધુકા |
| ૨ | | એસ.ડી.પી.ઓ. અસલાલી |
| ૩ | ખેડા નડિયાદ | એસ.ડી.પી.ઓ. ખેડા |
| ૪ | આણંદ | એસ.ડી.પી.ઓ. બોરસદ |
| ૫ | | એસ.ડી.પી.ઓ. ઉમરેઠ |
| ૬ | ગાંધીનગર | એસ.ડી.પી.ઓ. દહેગામ |
| ૭ | મહેસાણા | એસ.ડી.પી.ઓ. કડી |
| ૮ | | એસ.ડી.પી.ઓ. ખેરાલુ |
| ૯ | સાબરકાંઠા- હિમતનગર | એસ.ડી.પી.ઓ. ખેડબ્રમ્હા |
| ૧૦ | વડોદરા ગ્રામ્ય | એસ.ડી.પી.ઓ. કરજણ |
| ૧૧ | પંચમહાલ-ગોધરા | એસ.ડી.પી.ઓ. કાલોલ |
| ૧૨ | દાહોદ | એસ.ડી.પી.ઓ. ગરબાડા |
| ૧૩ | ભરૂચ | એસ.ડી.પી.ઓ. દહેજ |
| ૧૪ | | એસ.ડી.પી.ઓ. ઝઘડીયા |
| ૧૫ | સુરત ગ્રામ્ય | એસ.ડી.પી.ઓ. માંડવી |
| ૧૬ | નવસારી | એસ.ડી.પી.ઓ. વાંસદા |
| ૧૭ | વલસાડ | એસ.ડી.પી.ઓ. ધરમપુર |
| ૧૮ | રાજકોટ રૂરલ | એસ.ડી.પી.ઓ. ધોરાજી |
| ૧૯ | | એસ.ડી.પી.ઓ. જસદણ |
| ૨૦ | સુરેન્દ્રનગર | એસ.ડી.પી.ઓ. ચોટીલા |
| ૨૧ | | એસ.ડી.પી.ઓ. પાટડી |

| | | |
|---|---|---|
| ૨૨ | જામનગર | એસ.ડી.પી.ઓ. લાલપુર |
| ૨૩ | જુનાગઢ | એસ.ડી.પી.ઓ. જુનાગઢ ગ્રામ્ય |
| ૨૪ | | એસ.ડી.પી.ઓ. વિસાવદર |
| ૨૫ | પોરબંદર | એસ.ડી.પી.ઓ. રાણાવાવ |
| ૨૬ | અમરેલી | એસ.ડી.પી.ઓ. લાઠી |
| ૨૭ | | એસ.ડી.પી.ઓ. રાજુલા |
| ૨૮ | | એસ.ડી.પી.ઓ. ધારી |
| ૨૯ | ભાવનગર | એસ.ડી.પી.ઓ. ભાવનગર ગ્રામ્ય |
| ૩૦ | | એસ.ડી.પી.ઓ. શિહોર |
| ૩૧ | | એસ.ડી.પી.ઓ. તળાજા |
| ૩૨ | બોટાદ | એસ.ડી.પી.ઓ. બરવાળા |
| ૩૩ | કચ્છ પશ્ચિમ (ભુજ) | એસ.ડી.પી.ઓ. મુન્દ્રા |
| ૩૪ | | એસ.ડી.પી.ઓ. નલીયા |
| ૩૫ | બનાસકાંઠા- પાલનપુર | એસ.ડી.પી.ઓ. દાતાં |
| ૩૬ | પાટણ | એસ.ડી.પી.ઓ. પાટણ |

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.11.07
19:24:19 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign